પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૯૫ | ૫ જાન્યુઆરી, ૨૦૨૧, મંગળવાર; માગશર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# તારીખ પે તારીખ : વાટાઘાટ અનિર્ણિત

**ખેડૂતો અને સરકારની વાટાઘાટ નિષ્ફળ : ૮મીએ ફરી બેઠક થશે : કૃષિ કાયદા પાછા ખેંચવા પર ખેડૂતો અડગ, સરકાર સુધારા પર અટકી : બેઠક પહેલા આંદોલન દરમિયાન જીવ ગુમાવી બેઠેલા લોકો માટે બે મિનિટનું મૌન પળાયું, માગ ન સ્વીકારે તો આંદોલન ઉગ્ર બનાવવાની ખેડૂતોની ચીમકી**

નવી દિલ્હી, તા. ૪

ચાલીસ દિવસથી દિલ્હીની સરહદો પર નવા કૃષિ કાયદાઓને ખતમ કરવાની માગ સાથે આંદોલન કરી રહેલા ખેડૂતો અને કેન્દ્ર સરકાર વચ્ચે આજે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, પરંતુ સાતમાં સ્તરની આ બેઠક પણ પરિણામ વિહીન ખતમ થઈ હતી. બંને પક્ષોએ આ મુદ્દે આગામી બેઠક ૮ જાન્યુઆરીએ યોજવા પર સંમતિ બની હતી.

સોમવારે યોજાયેલી આ બેઠકમાં ખેડૂત આગેવાનો ત્રણ નવા કૃષિ કાયદાઓને રદ કરવાની માંગ પર અડગ રહ્યા હતા, તો સામે કેન્દ્ર સરકારે પણ કાયદાઓ રદ ન કરી એમાં સુધારાની તૈયારીઓ બતાવી હતી. આ દરમિયાન કૃષિ મંત્રી સહિત કેન્દ્રિય મંત્રીઓએ ખેડૂત આગેવાનોને અપીલ કરી હતી કે કૃષિ કાયદાઓમાં સુધારાને માન્ય રાખે. ખેડૂત આંદોલન અને કેન્દ્ર સરકાર માટે આ બેઠક મહત્વની હતી કારણ કે ખેડૂતો લાંબા સમયથી આંદોલન કરી રહ્યા છે, જેના સમર્થનમાં દેશના મોટા ભાગના વિપક્ષ દળો આવી ચૂક્યા છે. ખેડૂતોના આંદોલનને લઈને તેઓ સરકાર પર દબાણ ઉભુ કરવાના સતત પ્રયત્ન કરી રહ્યા છે જેથી સરકાર નવા કૃષિ કાયદાઓ પાછા ખેંચે અને અન્નદાતાઓનું આંદોલન ખતમ થાય.





સોમવાર બેઠક શરુ થાય એ પહેલા આંદોલન દરમિયાન જીવ ગુમાવી બેઠેલા લોકો માટે બે મિનિટનો મૌન પળાયો હતો. ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં વર્તમાન સમયમાં ભારે વરસાદથી ઠંડીનું પ્રમાણ ખતરનાક વધી ગયું છે. એમ છતાં દિલ્હીની સિંધુ બોર્ડર સહિત અનેક બોર્ડર પર ખેડૂતો આંદોલન કરી રહ્યા છે.

બેઠક પહેલા પણ ખેડૂતો આગેવાનોએ એલાન કર્યું હતું કે જો તેમની માંગો સરકાર માન્ય

● અનુસંધાન પાન-૭ પર

## કોન્ટ્રાક્ટ ફાર્મિંગ સાથે અમારે કોઈ લેવા દેવા નથીઃ રિલાયન્સની સ્પષ્ટતા

મુંબઇ,તા.૪

કૃષિ કાયદા વિરુદ્ધ ચાલી રહેલા વિરોધ આંદોલન વચ્ચે રિલાયન્સ જિયોના મોબાઈલ ટાવરને ટાર્ગેટ કરવામાં આવી રહ્યાં છે. જેમાં રિલાયન્સ અને અદાણીના પ્રોડક્ટનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.પરિણામે પંજાબમાં રિલાયન્સ જિયોના ૧૫૦૦થી વધુ ટાવર તોડવામાં આવ્યા છે. જેની પર હવે કંપની તરફથી આપવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કંપનીને કોન્ટ્રાક્ટ ફાર્મિંગ સાથે કોઈ લેવા દેવા નથી. રિલાયન્સ હવે ટાવર તોડફોડના કેસમાં હાઈકોર્ટમાં ગઈ છે. કંપનીએ પોતાની સંપત્તિ અને સુવિધાઓની સુરક્ષા માટે સરકારી હસ્તક્ષેપની માંગ કરતા હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## બ્રાઝિલ કોવેક્સિનના ૫૦ લાખ ડોઝ ભારત પાસેથી ખરીદશે

**ભારતીય વેક્સિનની વિશ્વમાં ભારે માગ : ભારતમાં મંજૂરી મેળવનારી બન્ને રસીઓની આડઅસર હોવાનો ઈનકાર, રસી ૧૦૦ ટકા સુરક્ષિત હોવાનો દાવો**

નવી દિલ્હી, તા. ૪

ભારતમાં ગઈકાલે બે કોરોના વેક્સિનને ઉમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી હતી. જે પૈકી ભારતીય કંપની ભારત બાયોટેકની વેક્સિન કોવેક્સિનની ડિમાન્ડ દુનિયામાં જોવા મળી રહી છે. બ્રાઝિલિયન એસોસિએશન ઓફ વેક્સિન ક્લિનિક્સે ભારતીય બાયોટેક સાથે સમજૂતી કરી છે. જે હેઠળ બ્રાઝિલને કોવેક્સિનના ૫૦ લાખ ડોઝ આપવામાં આવશે. આની પર અંતિમ મહોર બ્રાઝિલિયન હેલ્થ રેગ્યુલેટર અન્વિસાની અનુમતિ બાદ લાગશે.

● અનુસંધાન પાન-૭ પર

## હિમાચલમાં ૧૪૦૦ પ્રવાસી પક્ષીઓના રહસ્યમયી મોત

**બર્ડ ફ્લૂ હોવાની વાત ચર્ચાઈ રહી છે : સ્થાનિક વહીવટીતંત્રે આગામી આદેશો સુધી ડેમ જળાશયમાં થતી તમામ ગતિવિધિઓ પર પ્રતિબંધ મૂક્યો**

શિમલા,તા.૪

હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લા સ્થિત પૉન્ગ ડેમ વિસ્તારમાં ૧૪૦૦થી વધુ પ્રવાસી પક્ષીઓના રહસ્યમય મોતને કારણે અફડા તફડી મચી ગઈ છે. કાંગડા વહીવટીતંત્રે આગામી આદેશો સુધી ડેમ જળાશયમાં થતી તમામ ગતિવિધિઓ પર પ્રતિબંધ મૂક્યો છે. આ સાથે જ વાઈલ્ડલાઈફ ઓથોરિટીએ મૃત્યુનાં કારણો શોધવા માટે ભોપાલની હાઈ સિક્યુરિટી એનિમલ ડિસીઝ લેબમાં મૃત પક્ષીઓનાં નમૂનાઓ મોકલ્યા છે. ૨૯ ડિસેમ્બરે પૉન્ગ ડેમ લેક વાઈલ્ડલાઈફ સેન્ચ્યુરીના ફીલ્ડ સ્ટાફને આખા વિસ્તારમાં મૃત પક્ષીઓ શોધવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન નગરોટાના જાવલી બીટના ધમેટા અને ગુગલારા વિસ્તારના વન્યપ્રાણી રેન્જના માઝર, બઠારી, સિહલ, જગનોલી, છત્તા, ધમેતા અને કુઠેરામાં ૪૨૧ સ્થળાંતરિત પક્ષીઓ મળી આવ્યા હતા. બીજા દિવસે પણ મૃત પક્ષીઓ મળી આવ્યા હતા. કાંગડાના ડેપ્યુટી

● અનુસંધાન પાન-૭ પર



## જમીન કૌભાંડને લઈને રોબર્ટ વાડ્રાની આઈટી દ્વારા પૂછપરછ

**વાડ્રા આઈટીના કાર્યાલયે હાજર થયા ન હતા : નોટિસ આપવા છતાંય ઉપસ્થિત નહીં થતાં ઇન્કમ ટેક્સના અધિકારીઓના રોબર્ટ વાડ્રાની દિલ્હીની ઓફિસ પર ધામા**

નવી દિલ્હી, તા. ૪

બેનામી સંપત્તિના કેસમાં કૉંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાના પતિ રૉબર્ટ વાડ્રાથી



આવકવેરા વિભાગના અધિકારી પૂછપરછ કરી રહ્યા છે. આ મામલે આવકવેરા વિભાગે રૉબર્ટ વાડ્રાને નોટિસ મોકલી હતી, પરંતુ તેઓ આવકવેરા વિભાગની ઑફિસે નહોતા પહોંચ્યા. ત્યારબાદ અધિકારી સીધા રૉબર્ટ વાડ્રાની ઑફિસ પહોંચી ગયા અને તેમનું નિવેદન લેવા લાગ્યા છે. આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સાઉથ ઈસ્ટ દિલ્હી સ્થિત સુખદેવ વિહારવાળી ઑફિસ પર રૉબર્ટ વાડ્રાનું નિવેદન લેવામાં આવી રહ્યું છે.

સૂત્રોનું કહેવું છે કે ઈક્મટેક્સ વિભાગની ટીમ રૉબર્ટ વાડ્રાથી બીકાનેર અને ફરીદાબાદ જમીન કૌભાંડને લઈને પૂછપરછ કરી રહી છે. રૉબર્ટ વાડ્રા કૉંગ્રેસની વચગાળાની અધ્યક્ષ સોનિયા ગાંધીના જમાઈ છે અને તેમના લગ્ન કૉંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી સાથે થયા છે. કહેવામાં આવી રહ્યું છે કે રૉબર્ટ કોરોના મહામારીના કારણે આવકવેરા વિભાગની તપાસમાં સામેલ થઈ શક્યા નહોતા. આવકવેરા ઉપરાંત રૉબર્ટ વાડ્રાની વિરુદ્ધ ઈડી મની લૉન્ડ્રિંગ કેસની તપાસ કરી રહી છે. રૉબર્ટ વાડ્રા પર લંડન સ્થિત સંપત્તિની ખરીદી માટે મની લૉન્ડ્રિંગનો આરોપ છે.

## રસીઓના ક્લિનિકલ ટ્રાયલના ડેટા જાહેર કરવા જોરદાર માગ

**ભારતમાં વેક્સિનને મંજૂરીને લઈને વિવાદ છેડાયો : કોવેક્સિન અને કોવિશિલ્ડથી લઈને એસ્ટ્રાઝેનેકા, ભારત બાયોટેક સુધીના ટ્રાયલમાં મેળવેલા ડેટા જાહેર કરવા માગ**

નવી દિલ્હી, તા. ૪

પ્રથમ સ્વદેશી કોરોના રસી કોવેક્સિન તેમજ ઓક્સફર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાઝેનેકા રસી કોવિશિલ્ડની ભારતમાં તેની મર્યાદિત-વપરાશની મંજૂરી અંગે કોંગ્રેસ પાર્ટીના એક વિભાગ દ્વારા સવાલો કરવામાં આવી રહ્યા છે. જ્યારે કેટલાક નિષ્ણાતો મંજૂરી પ્રક્રિયાને અપારદર્શક ગણાવતા બંને રસીઓના ક્લિનિકલ ટ્રાયલ ડેટાને જાહેર કરવાની માગ કરી રહ્યા છે. તેઓ કહે છે કે, કોવેક્સિન અને કોવિશિલ્ડથી લઈને ભારત બાયોટેક અને એસ્ટ્રાઝેનેકા સુધીના ક્લિનિકલ ટ્રાયલ્સમાં મેળવેલા ડેટા જાહેર કરવા જોઈએ, જેથી તેનું સ્વતંત્ર મૂલ્યાંકન કરી શકાય. જેનાથી કોઈ પણ ભયની આશંકાને લઈને દૂધનું દૂધ અને પાણીનું પાણી શક્ય બનશે.

ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ બાયોએથિક્સન ભૂતપૂર્વ પ્રમુખ ડો.અનંત ભાને જણાવ્યું હતું કે, 'ભારત સિવાય ફક્ત રશિયા અને ચીને એફિકેસી ડેટા જાહેર કર્યા વિના તેમની રસીના ઉપયોગને મંજૂરી આપી દીધી છે. તેમણે કહ્યું, નિયમનકારી પ્રક્રિયામાં વિશ્વાસ બનાવવો મહત્વપૂર્ણ છે, પરંતુ અહીં ઘણા ડોકટરો મૂંઝવણમાં છે અને પૂછે છે કે કઈ રસી કામ કરશે. જે રીતે મંજૂરી આપવામાં આવી છે તેના પર વિશ્વાસ કરી શકાતો નથી અને જે પ્રકારની ભાષા વપરાઈ છે તે કાયદા આધારિત નથી પરંતુ રચનાત્મક લેખન લાગે છે'

ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ)ની પ્રેસ કોન્ફરન્સમાં જે માહિતી જાહેર થવાની અપેક્ષા હતી તે આપવામાં આવી નથી અને પ્રશ્ન પૂછવા માટે પણ અનુમતિ ન મળી. ઓલ ઈન્ડિયા ડ્રગ એક્શન નેટવર્કની માલિની આઈસોલાએ જણાવ્યું હતું કે, બંને કોરોના રસીઓને મંજૂરી આપવાના કિસ્સામાં ડીજીસીઆઈએ કાયદાની કઈ વિશિષ્ટ જોગવાઈઓ હેઠળ ઈમરજન્સીના મર્યાદિત ઉપયોગને મંજૂરી આપી છે તે હેઠળ જણાવ્યું નથી. ઉપરાંત, શરતોનો કોઈ ઉલ્લેખ નથી કે જેના આધારે આ મંજૂરી આપવામાં આવી હતી. એઆડીએએનએ એક નિવેદન બહાર પાડીને ડીજીસીઆઈને તમામ ડેટા અને વિશ્લેષણ જાહેર કરવા માંગ કરી છે જેના આધારે કોવેક્સિન અને કોવિશિલ્ડ માટે મર્યાદિત ઉપયોગને મંજૂરી આપવામાં આવી છે. સંગઠનનું કહેવું છે કે, એકવાર ડેટા જાહેર થયા પછી, તેની સ્વતંત્ર રીતે પુષ્ટિ કરી શકાય છે.

## સ્ટાલિનને ક્યારેય મુખ્યમંત્રી નહીં બનવા દેવાનો પડકાર

**કરૂણાનીધિના પુત્ર અલગારીએ તમિલનાડુની ચૂંટણી પૂર્વે આગળની રણનીતિ બનાવવા માટે કાર્યકરોની બેઠક યોજી**

મદુરાઈ, તા. ૪

ડીએમકેમાંથી હકાલપટ્ટી કરાયેલા નેતા એમ કે અલાગિરીએ રવિવારે મદુરાઈમાં એક રોડ શો દરમિયાન રાજકારણમાં પાછા ફરવાના સંકેત આપ્યા હતા. આ સમય દરમિયાન તેમના સમર્થકોએ 'અંજા નેંજમ' એટલે કે બહાદુર હૃદયના નારા લગાવ્યા હતા. અલાગિરીએ ડીએમકે અધ્યક્ષ અને તેના ભાઈ એમ.કે. સ્ટાલિન સામે આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે, સ્ટાલિન ક્યારેય મુખ્યમંત્રી ન બની શકે. તેઓ અને તેમના સમર્થકો એવું થવા દેશે નહીં.

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને એમ કરુણાનિધિના મોટા પુત્ર અલાગિરીએ તામિલનાડુ વિધાનસભાની ચૂંટણી પહેલા તેમના આગળના એક્શનને લઈને બેઠક કરીને ચર્ચા કરી હતી. તેમણે કહ્યું હતું કે. તેઓ જલ્દીથી તેમની આગામી ચાલની ઘોષણા કરશે અને તેમના સમર્થકોએ નિર્ણય સ્વીકાર કરવો જોઈએ. અલાગિરીએ કહ્યું, 'મને હજી સુધી



ખબર નથી કે મેં એવું શું ખોટું કર્યું હતું કે મને ડીએમકેથી હાંકી કાઢવામાં આવ્યો. સ્ટાલિને મારી સાથે દગો કર્યો.'

અલાગિરીએ સ્ટાલિન પર તેનાથી ઈર્ષા હોવાનો આક્ષેપ કરતા કહ્યું કે, 'મને ખબર નથી કે મારી સાથે છેતરપિંડી કેમ કરવામાં આવી.'

## છેલ્લે... છેલ્લે...

- દેશમાં કોરોનાના નવા સ્ટ્રેઈનના ૩૮ કેસ નોંધાયા.
- કુખ્યાત ગુન્હેગારો જેમનાથી ધ્રુજતા હતા તેવા નિવૃત્ત ડીવાયએસપી કે.સી.બાવાનું નિધન.
- દિલ્હી, મેરઠથી પીઆરટીએસમાં શાંઘાઈ ટનલ એન્જીનિયરીંગનું ટેન્ડર મંજૂર.
- કાશ્મીર ઘાટીમાં ૩.૫નો ભૂકંપ.
- સોમનાથ ટ્રસ્ટના નવા ચેરમેનની વરણી માટે ૧૧મીએ ટ્રસ્ટની વર્ચ્યુઅલ બેઠક યોજાશે.
- કચ્છ રણોત્સવમાં ટુરીઝમ ઈન્ડસ્ટ્રીને ૨૦૦ કરોડના નુકશાનનો અંદાજ.
- કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલે બિહારના પ્રભારી પદેથી મુક્ત થવા વિનંતી કરી
- રાજયમાં સાત નગર નિયોજકોની બદલીના હુકમ.

## રસીની મંજૂરી સાથે સેન્સેક્સ ૪૮ હજારના આંકડાને પાર

**સેન્સેક્સમાં ૩૦૮, નિફ્ટીમાં ૧૧૪ પોઈન્ટનો ઊછાળો : ટીસીએસ, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, ઇન્ફોસીસ, હિન્દુસ્તાન યુનિલિવર અને એલએન્ડટીના શેરો પણ વધ્યા**

મુંબઈ, તા. ૪

ભારતે કોરોના વાયરસની બે રસીઓને મંજૂરી આપી છે. આના



પગલે શેર બજારો સોમવારે સતત નવમા ટ્રેડિંગ સેશનમાં તેજીનો દોર ચાલુ રહ્યો છે અને સેન્સેક્સ પ્રથમ વખત ૪૮ હજારનો આંક વટાવ્યો છે. મજબૂત રૂપિયો, સકારાત્મક વૈશ્વિક સૂચકાંકો અને ઉત્સાહવર્ધક મેક્રો-આર્થિક ડેટાને લીધે બજારની ભાવના પણ મજબૂત બની હતી.

બીએસઈના ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૩૦૭.૮૨ પોઈન્ટ એટલે કે ૦.૬૪ ટકા વધીને ૪૮,૧૭૬.૮૦ પોઈન્ટ પર પહોંચી ગયો છે. આ તેનો નવો રેકોર્ડ છે. દિવસના કારોબાર દરમિયાન સેન્સેક્સ ૪૮,૨૨૦.૪૭ પોઈન્ટની સર્વાધિક ઉચ્ચ સપાટીએ ગયો હતો. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૧૧૪.૪૦ પોઈન્ટ અથવા ૦.૮૨ ટકા વધીને ૧૪,૧૩૨.૯૦ પોઈન્ટના રેકોર્ડ સ્તરે બંધ રહ્યો છે. દિવસના કારોબાર દરમિયાન તે ૧૪,૧૪૭.૯૫ ની ઓલટાઈમ ઉચ્ચ સપાટીને પણ સ્પર્શ્યો હતો.


સેન્સેક્સ કંપનીઓમાં ઓએનજીસીના શેરમાં સૌથી વધુ ૨.૦૨ ટકાનો વધારો થયો છે. ટીસીએસ, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, ઈન્ફોસીસ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, હિન્દુસ્તાન યુનિલિવર, સન ફાર્મા અને એલએન્ડટીના શેરો પણ વધ્યા છે. બીજી તરફ કોટક બેંક, બજાજ ફાઈનાન્સ, એશિયન પેઈન્ટ્સ, એચડીએફસી બેંક, પાવરગ્રિડ અને ટાઈટનના શેરમાં ૧.૪૩ ટકાનો ઘટાડો રહ્યો છે.

## ૨૦૦૦૦ રૂપિયા સુધીની રોકડ ઘરે મગાવી શકાય છે

**એસબીઆઈના ગ્રાહકો માટે મહત્વના સમાચાર : નોન ફાઈનાન્શિયલ સર્વિસિઝ જેમ કે ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ, પે ઓર્ડર વગેરે માટે બેન્ક પોતે જ તમારા ઘરે આવે છે**

નવી દિલ્હી,તા.૪

બેંકની એવી અનેક સુવિધાઓ છે જે હવે ગ્રાહકોને ઘર પર જ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ડોર સ્ટેપ બેંકિંગની સુવિધાની શરૂઆત થયા બાદથી નોન ફાઈનાન્શિયલ સર્વિસિઝ જેમ કે ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ, પે ઓર્ડર વગેરે માટે બેંક પોતે તમારા ઘરે આવે છે. આ વાત બહુ ઓછા લોકો જાણે છે કે ભારતીય સ્ટેટ બેંક પણ આ પ્રકારની અનેક સુવિધાઓ પોતાના ગ્રાહકોને ઉપલબ્ધ કરાવે છે. જેમાં



તેમણે બેંક જવાની જરૂર પડતી નથી. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની અધિકૃત વેબસાઈટમાં અપાયેલી જાણકારી મુજબ બેંક તરફથી કેશ પિકઅપ, કેશ ડિલિવરી, ચેક રિસિવ કરવા, જીવન પ્રમાણપત્ર પિકઅપ, કેવાયસી ડોક્યુમેન્ટનું પિકઅપ, ડ્રાફ્ટની જાણકારી, ફોર્મ-૧૫નું પિકઅપ જેવી અનેક ડોરસ્ટેપ સુવિધાઓ મળે છે. એસબીઆઈના નિયમો મુજબ ઓછામાં ઓછા ૧૦૦૦ રૂપિયા અને વધુમાં વધુ ૨૦,૦૦૦ રૂપિયા સુધીની કેશ તમે ડોર સ્ટેપ પર મંગાવી શકો છો. આ માટે તમારે પહેલા કેશ વિથડ્રોઅલ માટે રિક્વેસ્ટ મોકલવી પડે છે. ત્યારબાદ બેંકકર્મી તમારા એકાઉન્ટનું

● અનુસંધાન પાન-૭ પર

## મીડિયા કંપની ઝી ગ્રુપની ઓફિસો પર આઈટીની રેડ

**કંપનીની વિરુદ્ધ ટેક્સ ચોરીની જાણકારી મળતાં આઈટી વિભાગ અને કંપની દ્વારા દરોડા પાડ્યા હોવાને સમર્થન**

મુંબઈ, તા. ૪

ઈનકમ ટેક્સ વિભાગે મીડિયા કંપની ઝી ગ્રુપની ઑફિસો પર રેડ પાડી છે. વિભાગના એક અધિકારીએ આ જાણકારી આપી છે. અધિકારીના જણાવ્યા પ્રમાણે કંપનીની વિરુદ્ધ ટેક્સ ચોરીની જાણકારી મળી હતી. આ આધાર પર આ કાર્યવાહી કરવામાં આવી છે. કંપનીએ પણ તેના ઠેકાણાઓ પર આઈટી રેડની પુષ્ટિ કરી છે.

કંપનીના પ્રવક્તાએ એક નિવેદનમાં કહ્યું કે, ટેક્સ વિભાગના અધિકારી કેટલાક પ્રશ્નો સાથે અમારી ઑફિસ પહોંચ્યા હતા. અમારા અધિકારી તેમને તમામ સંબંધિત જાણકારી આપી રહ્યા છે અને તેમની સાથે સંપૂર્ણ સહયોગ કરી રહી છે. જો કે પ્રવક્તાએ એ નથી જણાવ્યું કે, શું દરોડાની કાર્યવાહી મુંબઈમાં જ થઈ રહી છે કે પછી ક્યાંય બીજે પણ ચાલી રહી છે. ઈક્મટેક્સ વિભાગના અધિકારીએ જણાવ્યું કે મુંબઈ અને દિલ્હીમાં ઝીની ઑફિસોમાં દરોડા ચાલી રહ્યા છે. જો કે અધિકારીએ આ વિશે જાણકારી આપવાથી ઈનકાર કરી દીધો છે. ઝી ગ્રુપના ફાઉન્ડર સુભાષ ચંદ્રા રાજ્યસભાના સભ્ય છે. ગ્રુપ છેલ્લા એક વર્ષથી કેશ ફ્લોની સમસ્યાનો સામનો કરી રહી છે અને લેણદારોના પૈસા પરત કરવા માટે નૉન-કોર બિઝનેસ વેચી રહી છે.

Accountant
જોઈએ છે
(Govt. ઑફિસ માટે)
Contact
77780 16181
office.shalibhadra@gmail.com